सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦ | ૧૦ | ૨૦૨૨ |
| રજીસ્ટર તારીખ | ૧૦ | ૧૦ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૧૭ | ૧૦ | ૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

# પોરબંદર જીલ્લાના મ્હે. ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.

ફો.પ.અ.નં.૩૫૯/૨૦૨૨

(૧) એજાજ સતારભાઈ મલેક
ઉ.વ.આ. ૩૧, ધંધો: મચ્છીનો,
રહે. નવો કુંભારવાડો,
પોરબંદર.

(૨) અમીન સીદીકભાઈ દલ
ઉ.વ.આ. ૨૩, ધંધો: મચ્છીનો,
રહે. નવો કુંભારવાડો, પોરબંદર.

(૩) અશરફ ફારૂકભાઈ દલ
ઉ.વ.આ. ૨૧, ધંધો: પ્રા.નોકરી
રહે. શીતલાચોક, જુની ખડપીઠ,
પોરબંદર.

(૪) અબ્દુલકાદીર મુસાભાઈ દલ
ઉ.વ.આ. ૨૩, ધંધો: મચ્છીનો,
રહે. નવો કુંભારવાડો, પોરબંદર.

(૫) અજીમ યુનુસ કાદરી
ઉ.વ. ૨૯, ધંધો: વેપાર,

રહે. ચુના ભઠા, પોરબંદર.

(૬) મોયુદીન શબ્બીરભાઈ નીગામણા
ઉ.વ.આ.૧૯, ધંધો: મચ્છીનો,
રહે. નવો કુંભારવાડો, શેરી નં. ૩૨,
પોરબંદર.

(૭) મુસ્તફા નાસીરભાઈ શેરવાણી (પઠાણ)
ઉ.વ.આ. ૨૪, ધંધો: મચ્છીનો,
રહે. બંદર રોડ, જુની દીવાદાંડી પાસે,
પોરબંદર.

(૮) રીયાઝ યુસુફભાઈ રૂંજા
ઉ.વ.આ. ૩૦, ધંધો: મજુરી,
રહે. શીતલા ચોક, નગરપાલીકાના ગેરેજ પાસે,
પોરબંદર.

(૯) શાહરૂખ યુનુસભાઈ હાજીમાકડા
ઉ.વ.આ. ૨૮, ધંધો: મજુરી,
રહે. વિરડી પ્લોટ, આંગણવાડીની બાજુમાં,
પોરબંદર.
હાલ: તમામ ખાસ જેલ, પોરબંદર....................................અરજદારો.

**વિરુધ્ધ**

શ્રી સરકાર,
નોટીસ થ્રુ ડી.જી.પી. પોરબંદર.
પોરબંદર. ........................................................સામાવાળા.

**<u>વિષય</u> :–** ક્રિ.પ્રો.કોડ ની કલમ ૪૩૯ મુજબ જામીન મળવા...

---

**<u>ગુન્હો</u> :–** ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૮, ૧૫૧, ૧૫૨, ૧૮૬, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૩૦૮, ૩૨૩, ૩૨૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ વિગેરે મુજબ...

---

અરજદારો તરફે વિ.વકીલ શ્રી એસ. ડી. જોખીયા
સામાવાળા તરફે વિ. એડી. પી.પી.શ્રી એ.જે.લીલા.

---

**–:: <u>ઠરાવ</u> ::–**

(૧) આ કામના અરજદાર/આરોપીઓની પોરબંદરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૦૨૨૦૩૬૭/૨૦૨૨ થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૮, ૧૫૧, ૧૫૨, ૧૮૬, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૩૦૮, ૩૨૩, ૩૨૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ વિગેરે મુજબના ગુન્હાના કામે પોલીસે તેઓની ધરપકડ કરતાં તેઓ હાલમાં જયુડીશ્યલ કસ્ટડીમાં રહેલા હોય, જામીન ઉપર મુકત થવા માટે ક્રિ.પ્રો.કોડ ની કલમ ૪૩૯ ની જોગવાઈ અન્વયે હાલની આ અરજી કરેલી છે, જે અરજીમાં એવા કારણો જણાવેલ કે, તેઓ તદન નિર્દોષ છે અને હાલના ગુનામાં તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે, આ કામની ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદીએ પી.આઈ. કક્ષાના અધિકારી છે પરંતુ, એફ.આઈ.આર. માં કયાંય એવું જણાવેલ નથી કે કોને–કોને ઈજા પહોચાડેલ છે અને જે પાંચ માણસોને લાગેલ છે તેને કયાં–કયાં લાગેલ છે તે જણાવેલ નથી. ભોગ બનનારાઓના નામ જણાવેલ નથી અને ભોગ બનનારાઓએ કયાં સારવાર લીધેલ તે બતાવેલ નથી. જેથી કોઈને ઈજા થયેલ હોય તેવું કયાંય જણાતું નથી તેમજ આ કામના ફરીયાદી કે જેઓ ઉદ્યોગનર પોલસ સ્ટેશનમાં ૧૫ દિવસ પહેલા જ ચાર્જ સંભાળેલ હોય તેઓ આરોપીઓને કઈ રીતે ઓળખી શકે. આ કામે જવાબદાર અધિકારી સમક્ષ આરોપીઓની કોઈ ટી.આઈ. પરેડ કરાવેલ હોય તેવું કાંઈ બનેલ નથી. પોલીસ દવારા દવેશભાવ રાખી તદન ખોટી ઉપજાવી કાઢેલી ફરીયાદ કરેલ છે અને એક પણ આરોપીની બનાવ સ્થળેથી ધરપકડ કરવામાં આવેલ નથી જેથી સ્પષ્ટ થાય છે કે ફરીયાદીએ પોતાની પોલીસની વગનો ઉપયોગ કરી બનાવને ગંભીર પ્રકારનો બનાવવા માટે આ કામે ગંભીર પ્રકારનો ચાર્જ લગાવેલ છે. આ કામે કોઈપણ આરોપીને બનાવ સ્થળેથી અટક કેરલ હોય તેવું બનેલ નથી. વધુમાં તમામ આરોપીઓ પોરબંદરના સ્થાનીક અને કાયમી વતની છે અને કયાંય નાશી ભાગી જાય તેમ નથી અને આ કામે કેસ ચાલતા અને ચાર્જશીટ આવતા ઘણો લાંબો સમય લાગે તેમ છે. વધુમાં આ કામની ફરીયાદ જોવામાં આવે તો અરજદાર/આરોપીઓ સામે કોઈ જ પ્ર ાઈમાફેસી કેસ બનતો ન હોય અને સજાની જોગવાઈ જોતા ત્રણ વર્ષથી વધુ સજાની જોગવાઈ ન હોય અને તેઓ સામે લગાવવામાં આવેલી કલમોમાં મોટા ભાગની કલમો

જામીન લાયક છે. વધુમાં અરજદાર/આરોપીઓ સદગૃહસ્થ અને સામાજીક રીતે પ્રતિસ્ઠિત નાગરીક હોય અને તેઓ પત્નિ તથા બાળકોના ભરણ પોષણની જવાબદારી વાળા હોય અને મજુરી કરી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતા હોય અને જો જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવામાં આવે તો આરોપીઓ તથા તેના કુટુંબીજનોને પારાવાર મુશ્કેલી સહન કરવી પડે અને ટ્રાયલ પહેલાની પનીશમેન્ટ ગણાય. વધુમાં ''જેલ એ અપવાદ અને જામીન એ નિયમ'' ના સિધ્ધાંતને ધ્યાને લઈને પણ તેઓને જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની અરજીની નોટીસની બજવણી થતાં સરકાર પક્ષે વિ. એડી. પી.પી. શ્રી એ. જે. લીલા હાજર રહેલા છે અને આ કામના તપાસ કરનાર અમલદારનું અરજદારની અરજીનો વિરોધ કરતું **સોગંદનામુ આંક ૦૪** થી રજૂ કરેલું છે, જેમાં તપાસ કરનાર અમલદારે જણાવેલ કે, આ કામના આરોપીઓએ પોરબંદર જીલલાના વહીવટી તંત્ર દવારા સરકારી જમીન પર થયેલ દબાણ પૈકી મુરાદશાહ પીરની દરગાહ (અણીયારી પીર)નું ડીમોલીશન તા. ૦૩/૧૦/૨૦૨૨ ના રોજ કરેલ તે જગ્યાની માલીકીની કોઈપણ જાતની ખાત્રી કર્યા વગર હીંસા ફેલાવવાના આશયથી પુર્વઆયોજીત ગુનાહીત કાવતરું રચી રીક્ષા, બોલેરો પીકઅપ તથા ટ્રકમાં બનાવવાળી જગ્યાએ આવી ગેરકાયદેસર મંડળી રચી, મંડળીને વિખેરાઈ જવાનું તેમજ શાંતી જાળવવાનું વારં વાર સમજાવવા છતાં જાણી જોઈને મંડળીમાં ચાલુ રહી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા કાર્યરત પોલીસની જીંદગી જોખમાઈ તે રીતે બેફીકરાઈથી પથ્થર તથા ધારદાર માર્બલના ટુકડાનો મારો કરી પાંચ પોલીસ કર્મચારીને ઈજા પહોંચાડી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા કાર્યરત કર્મચારીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી, જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, પોરબંદરના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ. આ કામના અરજદાર/આરોપીઓના પ્રથમથી જ એફ.આઈ.આર.માં નામ છે અને અરજદાર/આરોપીઓએ કાયદેસરની ફરજ પરના કર્મચારીઓની ફરજમાં રૂકાવટ કરી કર્મચારીઓ કોઈપણ કારણો વગર મારબલના ધારદાર પથ્થરોથી હુમલો કરી ઈજાઓ

કરી ગંભીર ગુનો આચરેલ છે જે કૃત્ય જામીન આપવા લાયક નથી. અરજદાર/આરોપીઓએ ટોળામાં ગેરકાયદેસર મંડળી રચી હીંસા ફેલાવવાના આશયથી પુર્વઆયોજીત ગુનાહીત કાવતરું રચી દરગાહ પર ચાદર ચડાવવાનું ખોટું બહાનું બનાવી કાયદો વ્યવસ્થાની જાળવણી કરતી પોલીસ સાથે ખોટા બહાને સીધો સંઘર્ષ કરી ફરજ પરની પોલીસ પર હુમલો કરી ઈજાઓ કરી ગેરકાયદેસર મંડળી રચી પોતાનો ગુનાહીત ઈરાદો પાર પાડેલ. વધુમાં જો અરજદાર/આરોપીઓનેસ જામીન પર મુકત કરવામાં આવશે તો ફરીથી ખોટા બહાના હેઠળ એકઠા થઈ આમ જનતામાં ભય અને ત્રાસ ફેલાવશે અને પોલીસની કામગીરીમાં વિક્ષેપ કરશે તેવી પુરી શકયતા રહેલ છે. વધુમાં અરજદાર/આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવશે તો પોરબંદર શહેરમાં વૈમનસ્ય ફેલાવી વાતાવરણ બગાડશે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવામાં ચોકકસપણે બાધારૂપ બનશે તેમજ ફરીથી ગુનો કરી ચોકકસપણે સુલેહભંગ કરશે તેમજ ચેનકેન કેસના પ્રોશીકયુશનને નુકશાન કરે તેવી પુરેપુરી શકયતા છે. વધુમાં આ કામે એફ.આઈ.આર.માં જણાવેલ આરોપીઓને અટક કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે. જેથી અરજદાર/આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવશે તો તેઓ આ કામના પકડવાના બાકી આરોપીઓને ભગાડવામાં મદદગારી કરશે તેમજ આ કામે નાસતા ફરતા આરોપીઓને ગુનો કરવાનું નવું બળ મળશે તેવી પુરી દહેશત રહેલી છે. જેથી સદર અરજદાર/આરોપીઓને જામીન પર મુકત ન કરવા અરજ ગુજારેલ છે અને **શ્રી સરકાર તરફે એડી. પી. પી. શ્રી એ. જે. લીલાએ ઉપરોકત હકીકતો મુજબની રજુઆતો કરી અરજદારોની જામીન પર મુકત થવા માટેની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.**

(૩) અરજદારોના વિ.વકીલ શ્રી એસ.ડી.જોખીયાએ જામીન અરજીમાં જણાવેલ હકીકતો મુજબની દલીલો કરેલ છે અને અરજદાર/આરોપીઓને જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે ઉપરોકત બંને પક્ષકારો તરફેની રજૂઆતો તેમજ પોલીસ

પેપર્સ અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદાર/આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૮, ૧૫૧, ૧૫૨, ૧૮૬, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૩૦૮, ૩૨૩, ૩૨૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ વિગેરે મુજબના ગંભીર ગુન્હાનો આરોપ રહેલો છે. આ કામનું રેકર્ડ જોતાં હાલ કોઈપણ સાહેદ હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ થયેલ નથી કે કોઈ ગંભીર ઈજા પહોંચેલ હોય તેવું પણ જણાતું નથી. વધુમાં આરોપીઓ સામેના ઉપરોકત ગુનામાં સજાની જોગવાઈ જોવામાં આવે તો મૃત્યુદંડ કે આજીવન કેદની સજાને પાત્ર ગુનો નથી. વધુમાં, અરજદાર/આરોપીઓ પોરબંદરના સ્થાનિક રહેવાસી છે અને તેથી તેમની ટ્રાયલ દરમ્યાન હાજરી સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે. તેઓ સામેના આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ ફાઈલ થઈ, તેની ન્યાયિક કાર્યવાહી ચાલતા અને હાલના ગુન્હાનો નિર્ણય આવતા ઘણો સમય જાય તેમ છે. આ સંજોગોમાં જો તેમને જામીન મુકત કરવામાં નહી આવે તો તેમને ટ્રાયલ ચાલતા પહેલા જ સજા થયેલી ગણાશે. અરજદાર/આરોપીઓની જામીન મુકત થવાની અરજી સામે રજૂ થયેલા તપાસ કરનાર અમલદારના વાંધાઓ અને ફરિયાદપક્ષની રજૂઆતો સબંધે અરજદાર/આરોપીઓ ઉપર કડક શરતો લાદી શકાય તેમ છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીઓને યોગ્ય શરતોએ જામીન મુકત કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ હું માનુ છું અને તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(અ) અરજદાર/આરોપી નં. ૧. એજાજ સતારભાઈ મલેક, રહે. નવો કુંભારવાડો,પોરબંદર, આરોપી નં. ૨. અમીન સીદીકભાઈ દલ, રહે. નવો કુંભારવાડો, પોરબંદર, આરોપી નં. ૩. અશરફ ફારૂકભાઈ દલ, રહે. શીતલાચોક, જુની ખડપીઠ, પોરબં દર, આરોપી નં. ૪. અબ્દુલકાદીર મુસાભાઈ દલ, રહે. નવો કુંભારવાડો, પોરબંદર, આરોપી નં. ૫. અજીમ યુનુસ કાદરી, રહે. ચુના ભઠા, પોરબંદર, આરોપી નં. ૬. મોયુદીન શબ્બીરભાઈ નીગામણા, રહે. નવો કુંભારવાડો, શેરી નં. ૩૨, પોરબંદર, આરોપી નં. ૭. મુસ્તફા નાસીરભાઈ શેરવાણી (પઠાણ), રહે. બંદર રોડ, જુની દીવાદાંડી પાસે, પોરબંદર,

આરોપી નં. ૮. રીયાઝ યુસુફભાઈ રૂંજા, રહે. શીતલા ચોક, નગરપાલીકાના ગેરેજ પાસે, પોરબંદર, આરોપી નં. ૯. શાહરૂખ યુનુસભાઈ હાજીમાકડા, રહે. વિરડી પ્લોટ, આંગણવાડીની બાજુમાં,પોરબંદરનાઓ ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૯ અન્વયે કરવામાં આવેલી હાલની જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(બ) જો આ કામના અરજદાર/આરોપીઓ પોરબંદરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૦૨૨૦૩૬૭/૨૦૨૨ થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૮, ૧૫૧, ૧૫૨, ૧૮૬, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૩૦૮, ૩૨૩, ૩૨૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ વિગેરે મુજબના મુજબના ગુન્હાના કામે દરેક આરોપી રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જાત મુચરકા તથા તેટલી જ રકમના યોગ્ય, સધ્ધર અને હયાત જામીન આપે તો તેમને નીચેની શરતોને આધીન આ કામે જામીન મુકત કરવા.

**<u>શરતો</u> :–**

૧) અરજદાર/આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહી અને ફરિયાદી તથા સાહેદોને કોઈ જાતની ધાક ધમકી કે લાલચ અને પ્રલોભન આપવું નહી.

૨) અરજદાર/અરોપીઓએ પોતાની જામીન મુકિતનો કોઈ ગેરલાભ લેવો નહી અને ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી.

૩) અરજદાર/આરોપીઓએ ફરીથી કોઈ જાતનું ગુન્હાહીત કૃત્ય કરવું નહી અને કોઈ જાતની ગુન્હાહીત પ્રવૃતિ સાથે પોતાની જાતને સાંકળવી નહી.

૪) અરજદાર/આરોપીઓએ હુકમ મુજબ જામીન મુકત થયાના દિવસ – ૩ માં પોતાનું હાલનું રહેણાંક સ્થળ સોગંદનામાથી સબંધીત નીચેની કોર્ટમાં જાહેર કરવું અને ઈન્સાફી કાર્યવાહી પુરી થતાં સુધી તેમાં અદાલતની પુર્વ પરવાનગી વગર કોઈ જાતનો ફેરફાર કરવો નહી અને જો પાસપોર્ટ ધરાવતા હોય તો, દિન

–૩ માં તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરવો.

૫) અરજદાર/આરોપીઓએ તેમની સામેની ઈન્સાફી કાર્યવાહી પુરી ન થાય ત્યાં સુધી અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૬) અરજદાર/આરોપીઓએ ચાર્જશીટ થતાં સુધી દર અંગ્રેજી મહિનાની પહેલી અને પંદરમી તારીખે સવારના કલાક ૦૯.૦૦ થી સાંજના કલાક ૧૭.૦૦ દરમ્યાન કોઈપણ સમયે પોતાની હાજરી સબંધીત પોલીસ સ્ટેશનમાં અચુકપણે પુરાવવી.

(ક) અરજદાર/આરોપીઓએ હુકમ મુજબના જામીન સબંધીત અદાલતમાં આપવાના રહેશે.

(ડ) આ હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશનને અને સબંધીત અદાલતને કરવી. જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા. ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૭/૧૦/૨૦૨૨
સ્થળ: પોરબંદર

(રમેશકુમાર ઠાકોરભાઈ પંચાલ)
( GJ00413)
સેશન્સ જજ, પોરબંદર.